# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 06-09-2024 બપોરે : 1.20થી 1.30

વાર : ગુરુવાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રીએ ગુજરાતના સૂરતથી જલ સંચય જન ભાગીદારી અભિયાનનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવ્યો. જળ દાનને સૌથી મોટુ દાન ગણાવ્યું.,.
- ✓ ભાજપા વરિષ્ઠ નેતા અમિત શાહ આજે જમ્મુકાશ્મીરની ચૂંટણી માટે ભાજપનું સંકલ્પ પત્ર જાહેર કરશે .. જમ્મુ કાશ્મીરની બીજા તબક્કાની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રની ચકાસણી
- ✓ તેલંગાણામાં પોલીસ સાથેની અથડામણમાં છ માઓવાદીઓ ઠાર
- ✓ રશિયાના રાષ્ટ્રપતિ પૂતીને કહ્યું કે રશિયા- યુક્રેનના સંકટના ઉકેલ માટે ભારત, ચીન અને બ્રાઝિલ મધ્યસ્થીની ભૂમિકા ભજવવા સમર્થ
- ✓ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેનના પુત્ર હન્ટર બાઈડેન કરચોરી મામલે તમામ નવ આરોપમાં દોષીત

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *JAL SANCHAY JAN BHAGIDARI*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુરતમાં જળ સંચય જન ભાગીદારી પહેલનો વર્ચ્યુઅલી શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે શ્રી મોદીએ જણાવ્યું કે, જળદાન એ સૌથી મોટું દાન છે. પાણીને**

બચાવવાની દિશામાં ગુજરાતમાં અનેક સફળ પ્રયત્ન થયા છે. આ પહેલથી ગુજરાતમાં લગભગ 24 હજાર 800 વર્ષા જળ સંચય સંરચનાઓનું નિર્માણ કરવામાં આવશે. જળ સંરક્ષણને સામાજિક નિષ્ઠાનો વિષય ગણાવતા તેમણે કહ્યું કે, આજે દેશનાં 15 કરોડથી વધુ ગ્રામીણ ઘરોમાં પાઇપ દ્વારા પાણી આપવામાં આવી રહ્યું છે.

તેમણે જણાવ્યું કે 'પર ડ્રોપ મોર ક્રોપ'ને કારણે પાણીની બચતની સાથે સાથે ખેડૂતોની આવક પણ વધી રહી છે. દેશમાં 60 હજારથી વધુ અમૃત સરોવર બનાવવામાં આવ્યા છે. તેમણે દેશવાસીઓને પોતાની માતાના નામે એક છોડ વાવવાની અપીલ કરી હતી.

## *AMIT SHAH SANKALP PATR*

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે બપોરે જમ્મુ પહોંચી રહ્યા છે.જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાચૂંટણીની તૈયારીઓ વચ્ચે તેઓ બપોરે બાદ ભાજપનું સંકલ્પ પત્ર જાહેર કરશે.

ભારતીય જનતા પાર્ટીએ તેના એક્સહેન્ડલ પર શાહના જમ્મુ કાર્યક્રમની વિગતો શેર કરી છે. આ દરમિયાન જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રભારી કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડી, રામ માધવ અને રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગ પણ હાજર રહે તેવી શક્યતા છે. ભાજપે રાજ્યની જનતા સાથે વાત કર્યા બાદ આ ઠરાવ પત્ર તૈયાર કર્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને સ્ટાર પ્રચારક શાહ 7 સપ્ટેમ્બરે પલૌડાના મનહાસ મેદાનમાં, કાર્યકર્તા સંમેલનને સંબોધિત કરશે. જમ્મુ અને સાંબા જિલ્લાની 14 વિધાનસભા મતવિસ્તારના કાર્યકરો તેમાં ભાગ લેશે.

## *J&K-NOMINATION*

જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે છ જિલ્લાની 26 બેઠક માટે 310 ઉમેદવારે ઉમેદવારીપત્રો ભર્યા છે

જમ્મુના અમારા સંવાદદાતા જણાવે છે કે, ગઈકાલે આ તબક્કા માટે ઉમેદવારીપત્રો ભરવાનો છેલ્લો દિવસ હતો. 25મી સપ્ટેમ્બરે મતદાન થશે. આજે ઉમેદવારીપત્રોની ચકાસણી કરાશે. ઉમેદવારો 9મી સપ્ટેમ્બર સુધી પોતાના નામ પરત ખેંચી શકશે.

## *ASHWINI VAISHNAW JAPAN*

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જાપાનના ડિજિટલ ટ્રાન્સફર્મેશન મંત્રી તારો કોનો સાથે જાપાનના ટોક્યોમાં ભારત-જાપાન ડિજિટલ સંબંધ મજબૂત કરવા અંગે બેઠક કરી હતી. બંને નેતાએ ભવિષ્યની તકનીકી અને પ્રગતિ અંગે ડિજિટલ ક્ષેત્રમાં સહયોગ અંગે ચર્ચા કરી હતી.

અગાઉ, શ્રી વૈષ્ણવે ભારત-જાપાન વ્યૂહાત્મક ભાગીદારીની વર્તમાન અને ભાવિ સ્થિતિ ઉપર જાપાનના પ્રધાનમંત્રીના વિશેષ સલાહકાર મસાકુમી મોરી સાથે વ્યાપક ચર્ચા કરી હતી. શ્રી વૈષ્ણવે  જાપાનના પરિવહન અને પ્રવાસન મંત્રી તેત્સુઓ સૈટો સાથે ભારત-જાપાન રેલવે સહયોગ વધારવા, આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા અને સાંસ્કૃતિક સંબંધોને ગાઢ બનાવવા અંગે પણ ચર્ચા કરી હતી.

## *TELANGANA MAOISTS*

તેલંગાણાના ભદ્રાદ્રી કોઠાગુડેમ જિલ્લામાં પોલીસ સાથેની અથડામણમાં છ માઓવાદી ઠાર મરાયા છે. મૃતકોમાં બે મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આ અથડામણમાં તેલંગાણા પોલીસના નક્સલ વિરોધી દળના બે કમાન્ડો ઇજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસે ઘટનાસ્થળેથી મોટી માત્રામાં હથિયાર અને દારૂગોળો જપ્ત કર્યો છે.

## *ED SANDIP GHOSH*

આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં નાણાકીય ગેરરીતિઓની તપાસ કરી રહેલી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ટીમ, આજે સવારે બેલઘાટામાં સંદીપ ઘોષના ઘરે પહોંચી હતી. દરવાજો બહારથી બંધ હોવાથી તેઓ અંદર જઈ શક્યા ન હતા.

સંદીપના ઘરની બહાર કેન્દ્રીય દળના જવાનો પણ તૈનાત છે. ઈડી એ શુક્રવારે સવારે વધુ ત્રણ લોકોના ઘર પર દરોડા પાડ્યા છે. હાવડામાં બિપ્લબ સિંહ અને કૌશિક કોલના ઘર પર દરોડા પાડવામાં આવી રહ્યા છે, જ્યારે સુભાષગ્રામમાં પ્રસૂન ચેટરજીના ઘરે પણ આવી જ કાર્યવાહી કરવામાં આવી છે.

## *NATIONAL MEANS ENTRESS EXAM -2024-25*

કેન્દ્ર સરકારે નેશનલ મીન્સ-કમ-મેરિટ શિષ્યવૃત્તિ યોજના 2024-25 માટે વિદ્યાર્થીઓને અરજી દાખલ કરવાની અંતિમ તારીખ 30 સપ્ટેમ્બર સુધી લંબાવી છે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, આ યોજના હેઠળ ધોરણ 8 પછી શાળા છોડ્યાનું પ્રમાણ અટકાવવા અને ધોરણ 12 સુધી તેમનું સ્થાયીકરણ કરવા માટે આર્થિક રીતે નબળા વર્ગના હોંશિયાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## PUTIN INDIA

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને યુક્રેન સાથે શાંતિ સંવાદ અંગે ભારત, બ્રાઝિલ અને ચીન મધ્યસ્થીની ભૂમિકા ભજવી શકે છે તેમ જણાવ્યું છે. પૂર્વીય આર્થિક મંચના સંપૂર્ણ સત્રમાં સંબોધન કરતાં તેમણે કહ્યું કે ભારત, બ્રાઝિલ અને ચીન યુક્રેનની સ્થિતિ સુધારવાના પ્રયાસો કરી રહ્યા છે અને તેઓ આ ત્રણેય દેશ સાથે સતત સંપર્કમાં છે.

શ્રી પુતિનનું આ નિવેદન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તાજેતરની રશિયા અને યુક્રેનની મુલાકાત બાદ આવ્યું છે. શ્રી મોદીએ તેમની મુલાકાતો દરમિયાન શાંતિના સમર્થક તરીકે ભારતનો દ્રષ્ટિકોણ સ્પષ્ટ કર્યો હતો.

## HUNTER BIDEN

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જૉ બાઈડેનના પુત્ર હન્ટર બાઈડેનને કરચોરી મામલે તમામ નવ આરોપમાં દોષી ઠેરવવામાં આવ્યા છે. આ પહેલા હન્ટર બાઈડેને વર્ષ 2016થી 2019 દરમિયાન 10 લાખ 40 હજાર ડૉલરનો આવકવેરો જાણી જોઈને ન આપવાના આરોપનો ઇનકાર કર્યો હતો.

માધ્યમોના જણાવ્યા મુજબ, ન્યાયાધીશ માર્ક સ્કાર્સીએ કહ્યું, હન્ટર બાઈડેનને વધુને વધુ 15 વર્ષની કેદ અને 5 થી 10 લાખ ડૉલર સુધીનો દંડ થશે. આગામી 16 ડિસેમ્બરે હન્ટર બાઈડેનની સજા શરૂ થશે.

ત્રણ મહિના પહેલા હન્ટર બાઈડન બંદૂક રાખવા અને માદક દવાઓના ઉપયોગ સંબંધિત આરોપોના એક અલગ કેસમાં દોષી જાહેર થયા હતા. જોકે, અમેરિકાના વર્તમાન રાષ્ટ્રપ્રમુખના પુત્રને દોષી જાહેર કરાયા હોવાની આ પહેલી ઘટના છે.

## *BANGLS EX MINISTER ARRESTED*

બાંગ્લાદેશનાં પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાના નજીકના સાથી અને તેમની પાર્ટી અવામી લીગના અગ્રણી નેતા, શાહજહાં ખાનની પોલીસે રાજધાનીના એક વિસ્તારમાંથી ધરપકડ કરી હતી. ઢાકાથી પ્રકાશિત બંગાળી અખબાર પ્રોથોમ આલોના અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે.

પ્રોથોમ આલોના અનુસાર,"ઢાકા મેટ્રોપોલિટન પોલીસ જોઈન્ટ કમિશનર રબીઉલ હુસૈને, શાહજહાં ખાનની ધરપકડની પુષ્ટિ કરી છે." હુસૈને કહ્યું કે," ગત રાત્રે તેની રાજધાનીના ધનમંડી વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. મદારીપુર-2 મતવિસ્તારના પૂર્વ ધારાસભ્યએ શિપિંગ મંત્રી તરીકે પણ સેવા આપી હતી. તેમણે 1991, 1996, 2001, 2008, 2014, 2018 અને 2024માં અવામી લીગની ટિકિટ પર ચૂંટણી જીતી હતી.

## *AP-INDIAN ARMY FLOOD*

આંધ્ર પ્રદેશના વિજયવાડા નજીક બુડામેરુ નહેરમાં થયેલા ભંગાણને પૂરવા માટે તથા પૂર પ્રભાવિત વિસ્તારોમાં સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા માટે ભારતીય આર્મી એન્જિનિયર ટાસ્ક ફોર્સના 40 આર્મી એન્જિનિયરોને તૈનાત કરવામાં આવ્યા છે. આ સાથે સેનાના વધારાના એકમોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવ્યા છે. સ્થાનિક સત્તાવાળાઓ આપત્તિ વ્યવસ્થાપન ટીમો સાથે મળીને અસરગ્રસ્તોને સહાય કરી રહ્યા છે. અગાઉ, આંધ્ર પ્રદેશ સરકારે પૂરના પાણીને કારણે થયેલા ભંગને પહોંચી વળવા માટે ભારતીય સેનાની મદદ માંગી હતી.

## *WRESTLING- U20 GOLD*

સ્પેનમાં રમાઈ રહેલી 20 વર્ષથી ઓછી વયની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં કુસ્તીમાં, મહિલાઓની 76 કિગ્રા ફ્રી સ્ટાઇલ કેટેગરીમાં જ્યોતિ બરવાલે સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

જ્યોતિએ ફાઇનલમાં યુક્રેનની મારિયા ઓર્લેવિચને પરાજય આપ્યો હતો. ગત વર્ષે પ્રિયા મલિકે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. આ સાથે ભારતીય ખેલાડી કોમલે 59 કિગ્રા અને સૃષ્ટિએ 68 કિગ્રા કેટેગરીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. જયારે ભારતની નિતિકા 62 કિગ્રા કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક માટે યુક્રેનની ઇરિના બોન્ડર સામે રમશે.

પુરુષોની ફ્રી સ્ટાઇલ મેચો પણ આજથી શરૂ થશે જે ચેમ્પિયનશિપના છેલ્લા દિવસ 8મી સપ્ટેમ્બર સુધી ચાલશે.

## *SPORTS UTSAV*

મેજર ધ્યાનચંદની જન્મજયંતિ અંતર્ગત યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના રાષ્ટ્રીય રમત દિવસ 2024ની ઉજવણી કરવામાં આવી હતી.., માહિતી અને પ્રસારણ મંત્રાલયે 27મી ઓગસ્ટથી 30મી ઓગસ્ટ દરમિયાન મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ અને જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ, નવી દિલ્હીમાં "ખેલ ઉત્સવ 2024"નું આયોજન કર્યું હતું.

પોતાની પ્રથમ આવૃત્તિમાં મંત્રાલયે ચાર સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ ક્રિકેટ, હોકી, બેડમિન્ટન અને ટેબલ ટેનિસનું આયોજન કર્યું હતું. મંત્રાલયના 200થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહ અને જોશ સાથે ભાગ લીધો હતો.

## *SHIVAJI STATUE COLLAPSE*

મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લાની એક સ્થાનિક અદાલતે શિલ્પકાર જયદીપ આપ્ટે અને માળખાકીય સલાહકાર ચેતન પાટીલને 10 સપ્ટેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલ્યા છે.

રાજકોટ કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની 35 ફૂટની પ્રતિમા ધરાશાયી થયાના લગભગ 10 દિવસ બાદ ગઇકાલે બંનેની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરાયા હતા. ગઇકાલે થયેલી સુનાવણી દરમિયાન અદાલત સમક્ષ આપ્ટેએ જણાવ્યું કે, તેઓ પ્રતિમાના આકાર સંબંધિત તમામ વિગતો આપવા તૈયાર છે. દરમિયાન મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું કે, આ ઘટના સંપૂર્ણ તપાસ કરાશે.